ગાંધીનગર સમાચાર

# કાશ આવું હોત...

એક છોકરાએ કહ્યું કે, કાશ હું અત્યારે પાંચમાં ધોરણમાં ભણતો હોત. ના કોઈ વાંચવાનું ટેન્શન કે ના કોઈ પરીક્ષાની તૈયારી કરવાની, આરામથી બેઠો બેઠો ટીવી જોતો હોત કે મોબાઈલમાં ગેમ રમતો હોત.

એ છોકરો હાલ બારમાં ધોરણમાં ભણી રહ્યો છે. સ્કુલ બંધ છે, ટ્યુશન ક્લાસ બંધ છે, મિત્રોને મળવાનું, ચર્ચા કરવાનું બંધ છે. ચાલું છે તો ઓનલાઈન આવવાનું, ઓનલાઈન ભણવાનું, ઓનલાઈન ચર્ચા કરવાની.

જ્યારે પહેલી વાર કોરોનાને લીધે ત્રણ દિવસની છુટ્ટી મળેલી ને ત્યારે આ જ બધા છોકરાઓ નાચી ઉઠેલા. એ પછી એકવીસ દિવસનું લોકડાઉન આવ્યું, એકવીસ દિવસની રજા. ક્યાંય જવાનું નહિ, ના સ્કુલ, ના ક્લાસિસ આ વખતે પણ એમને મજા આવેલી. અચાનક જાણે ભણવામાંથી એકવીસ દિવસનો બ્રેક મળી ગયેલો, ખુશી થવી વાજબી છે. પછી આ રજાઓ લંબાતી ગઈ, સ્કુલ ખુલશે કે નહીં, આ સવાલનો જવાબ કોઈની પાસે ન હતો. ઓનલાઈન ભણવાનું ચાલું થયું... બાળકો ટેવાતા ગયા અને હવે અકળાઈ રહ્યા છે. જે લોકો એમના જીવનના નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે એ વધારે અકળાઈ રહ્યાં છે.

બોર્ડની પરિક્ષા કયારે લેવાશે? એનો અભ્યાસક્રમ કેટલો રહેશે? કોલેજમાં પ્રવેશ કરવાની પરિક્ષા ક્યારે લેવાશે? કેવી રીતે લેવાશે? એ સમયે એમને કે એમના ઘરના કોઈને કોરોના લાગી ગયો તો? આ બધા સવાલ આજના એ વિધાર્થીઓને પરેશાન કરી રહ્યા છે જે લોકોએ આગળની પરિક્ષા આપવાની છે. એ પરીક્ષાના પરિણામ ઉપર જ જેમનું ભાવિ નિર્ધારિત છે. એ નવયુવાનો થાકી ગયા છે. ફરીથી બધું નોર્મલ થઈ જાય એની રાહ જોઈ રહ્યા છે અને ત્યારે જ એમને ઉપરનો વિચાર આવી જાય છે.

જોકે પાંચમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થિની પણ પોતાની અલગ જ પ્રકારની સમસ્યા છે. એ રોજ ભગવાનને પ્રાર્થના કરતો હશે, "હે ભગવાન આ કોરોનાની કોઈ દવા, વેક્સિન ના શોધાય એનું ધ્યાન રાખજો, સ્કુલ ચાલું ના થઈ જાય એટલું જોજો હું ઓનલાઈન મન લગાવીને ભણી લઈશ.'



## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

આ પણ બાળકો જ છે જેમને સ્કુલ જવાનું ગમતું નથી. ખેર, નાના બાળકોને તો એમના મમ્મી પપ્પા સમજાવી લેશે મારે વાત કરવી છે આજના મોટા બાળકો સાથે. જે લોકો બોર્ડ માટે તૈયારી કરી રહ્યા છે. હાલનો આ જે સમય પસાર થઈ રહ્યો છે એને જોવાના તમારી પાસે બે રસ્તા છે, એક કે તમે એને ખરાબ ઘણી મનોમન ગાળો આપ્યા કરો અને બીજો કે એનો ફાયદો ઉઠાવી લો.

તમારી જગ્યાએ હું હોઉં તો આનો ફાયદો જ ઉઠાવું, આમેય દુઃખી થઈને બેસી રહેવાનું મારા સ્વભાવમાં જ નથી, તમારા સ્વભાવમાં પણ ના હોવું જોઈએ. નિરાશા શબ્દમાં પણ 'આશા' છુપાયેલી છે જરૂર છે એને ઓળખવાની. તમને એવો વિચાર આવે છે કે કાશ તમે પાંચમાં ધોરણમાં ભણતા બાળક હોત, સતત મસ્તી કરતા રહેત અને આ વરસ પસાર થઈ જાત. આની સાથે જ એક બીજો વિચાર ક્યારેય આવ્યો છે કે, જો તમે કોલેજમાં ભણતાં હોત, તમારી કારકિર્દીના છેલ્લા વરસમાં હોત, મોટી અને નામી કોલેજમાં એડમીશન લઈ લીધુ હોત અને આમ ઘરે બેસી રહેવાનું આવત તો શું થાત? કેટલાય યુવાનો આ પરિસ્થિતિમાંથી પણ પસાર થઈ જ રહ્યા છે. કેટલાય પાસ થઈ નોકરી શોધી રહેલા અને એમના જીવનમાં એક લાંબો બ્રેક આવી ગયો. કેટલાય વિદ્યાર્થી એવા હશે જેમના ઘરમાં કોરોનાનો પોઝિટિવ કેસ આવ્યો હશે અને એમણે ચૌદ દિવસ ઘરમાં પુરાઈ રહેવાની, સમાજથી કપાઈને જીવવાની વેદના સહી હશે. અહીંયા હજી કોઈને એમના સ્વજન ગુમાવવાની વેદના સહેવી પડી હશે એવું મેં નથી કહ્યું...


જે છે, જેવું છે આ જ જીવન છે દોસ્ત. એનો સામનો કરવો અને ઉત્તમ રીતે જીવવાનો પ્રયાસ કરવો એ જ આપણું પ્રથમ લક્ષ હોવું જોઈએ! ઘરમાં રહીને કોઈ જાતની ચિંતા કર્યા વગર વાંચવાનો એક મોકો મળ્યો છે તો એનો ભરપૂર ફાયદો ઉઠાવી લો.

અમસ્તું,

ભવિષ્યમાં જ્યારે તમે તમારા બાળકને કોરોના સાથેની તમારી લડાઈ વિશેની વાત કહેશો ત્યારે શું કહેશો?

@kapadianiyati

# બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા દ્વારા એન્જિનિયર ડેની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૬

ભારતભરની એન્જિનિયરિંગ કમ્યુનિટિ દર વર્ષે ૧૫ સપ્ટેમ્બરના રોજ એન્જિનિયર્સ દિવસની ઉજવણી ભારતરત્ન 'સર વિશ્વેશ્વરાય' ની યાદ મા ઉજવે છે. ૧૫ સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ જન્મેલા સર વિશ્વેશ્વરાય સૌથી પ્રખ્યાત સિવિલ એન્જિનિયર, ડેમ બિલ્ડર, અર્થશાસ્ત્રી, રાજકારણી અને ભારત દેશ ના 'આર્થિક પ્રવેશક' તરીકે ઓળખાય છે. એન્જિનિયરિંગના ક્ષેત્રે ના તેમના આ મહાન યોગદાનને એન્જિનિયરિંગ મા અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા ના હેતુ થી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના ડિપાર્ટ્મેન્ટ ઑફ સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝ દ્વારા ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાનુ ઓયોજન કરવામા આવ્યુ હતુ.

આ ક્વિઝ સ્પર્ધામાં જનરલ પ્રશ્નો, કરંટ અફેરના પ્રશ્નો, સાયન્સને લગતા પ્રશ્નો અને સર વિશ્વેશ્વરાયની ઈજનેરી સફરને લગતા પ્રશ્નો પુછવામા આવ્યા હતા. આ સ્પર્ધા એન્જિનિયરિંગ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યા મા ભાગ લઈ સર વિશ્વેશ્વરાયની શ્રદ્ધાંજલિ આપી હતી.

સ્પર્ધાના સફળ આયોજન બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેકટર પ્રોફેસર રવિ કુમાર, કોલેજના પ્રિન્સિપાલ ડો. કિંજલ અધ્વર્યુએ સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝ ડિપાર્ટ્મેન્ટના સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી સ્વામીનારાયણ પોલીટેકનિક દ્વારા

# ડિજિટલ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ એન્જિનિયર ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

એન્જિનિયર એ માનવસર્જિત ભૌતિક સંપત્તિ નો સર્જનહાર છે. આપણા રોજબરોજના જીવનમાં ઉપયોગી ભૌતિક સંસાધનોનું નિર્માણ એક સફળ એન્જિનિયર દ્વારા જ કરવામાં આવ્યું છે. વિશ્વમાં દરેક ક્ષેત્રે એન્જિનિયરનું યોગદાન અમૂલ્ય અને અતુલ્ય છે. આજના સમયની કોવિડ મહામારીમાં એન્જિનિયર દ્વારા વિવિધ સંશોધનની મદદથી આપણા સમાજને એક શ્રેષ્ઠ ભેટ આપી છે.

ભારતના પ્રથમ એન્જિનિયર એમ. વિશ્વેસ્વરૈયાનો જન્મદિવસ. જેમની યાદમાં આપણે સૌ એન્જિનિયર ડે ની ઉજવણી કરીએ છીએ. આ દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં કોરોના જેવી મહામારીના સમયમાં પણ ઘરે રહેલા વિદ્યાર્થીઓ સાથે ડિજિટલ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ એન્જિનિયર ડે ની ઉજવણી




કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રિંસિપાલ શ્રી ધર્મેશ વંડરા દ્વારા એન્જિનિયર શબ્દનો વિસ્તૃત અર્થ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યો હતો, સાથે આ મહામારીના સમયમાં એન્જીનીયરના યોગદાનની સવિશેષ માહિતી વિદ્યાર્થીઓને પ્રદાન કરવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ એક એન્જિનિયર તરીકે પોતાની જાતને સમજી શકે અને આવનારા ભવિષ્યના એન્જિનિયર તરીકે આત્મનિર્ભર ભારતના ઘડતરમાં શ્રેષ્ઠ ફાળો આપી શકે.

ડિજિટલ પ્લેટફોર્મ પર ઉજવવામાં આવેલ આ આજના દિવસે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ચ્યુઅલ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, પોસ્ટર પ્રેઝન્ટેશન, વેસ્ટ માંથી બેસ્ટ મોડેલ મેકિંગ જેવી સ્પર્ધાઓ તેમજ ક્રોસવર્ડ પઝલ અને મને ઓળખો જેવી વિવિધ ડિજિટલ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ભણતર સાથે ગણતર ના ધ્યેય સાથે સતત કાર્યરત શ્રી સ્વામિ નારાયણ પોલિટેકનિક વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ ઘડતર માટે આવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઘરે બેઠા પણ શિક્ષણ સાથે સ્કીલનો પણ વિકાસ થાય તે માટે હંમેશા કટિબદ્ધ છે.



ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદીની જન્મ તારીખની ઉજવણી દેશ વિદેશના લોકો અવનવી રીતે કરતા હોય છે. કોરોના ની આ મહામારીના સમયમાં ચાંદખેડાના કલાકાર મુકેશ પંડયાએ મોદીજી ના અનોખા મિનીએચર સ્કલ્પચર તૈયાર કર્યા છે. કલાકાર મુકેશ પંડયા એ ડોક્ટર્સ, નર્સ, પોલીસ, સફાઈ કર્મી વગેરે સાથે એક જ્યોતમાં દર્શવ્યા તો લશ્કરના જવાનો સાથે, ક્યાંક ટ્રમ્પ સાથે તો ક્યાંક માતા સાથે ઝોળી લઈને એમ અવનવી રીતે દર્શાવવાનો પ્રયાસ. કર્યો છે. અચરજ પમાડે તેવી ખાસ બાબત તો એ છે કે આ તમામ શિલ્પ રંગીન દોરી નો ઉપયોગ કરીને ફક્ત બે સેન્ટિમીટર ની હાઈટના બનેલ છે.

# જન્મદિને વધામણી



માધવી નિમિષ વ્યાસ



નિમિષ વ્યાસ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



મિત્તલ રાણા
લાયોનેસ કલબ



જગદીશભાઈ ડી પટેલ
મંત્રી, સે. ૫ વસાહત મંડળ
મો. ૯૯૨૪૭ ૫૧૦૩૯



નિશાબેન
યોગેશકુમાર આનંદ
લાયોનેસ કલબ
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



અજયકુમાર
વિષ્ણુભાઈ નાયી
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬




જીગરસિંહ
સુરેન્દ્રસિંહ ડાભી
મો. ૯૮૨૫૭ ૧૦૭૮૯




ધૈર્યરાજ સુમિત પરમાર
મો. ૭૯૮૪૨ ૨૨૦૫૮



રાજ આરાધ્યા
દીગીશકુમાર



ધ્યાના મણિયાર



વેદાંત આશિષ પટેલ



અવની પી. પટેલ
મો. ૯૬૦૧૧ ૧૦૬૩૧

# ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રમાં હિંદી દિવસ પર હિંદી-હિંદુસ્તાની ઈ-કાવ્ય ગોષ્ઠીનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

કોવિડ-૧૯ મહામારીનાં સમયમાં ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસરના વિદ્યાર્થિઓએ ઘરેથી હિંદી દિવસ પર હિંદી-હિન્દુસ્તાની થીમ પર ઈ-કાવ્યગોષ્ઠીનું ખૂબ જ સુન્દર અને સરસ આયોજન કર્યું હતું. હિંદી-હિંદુસ્તાની ઉત્તર ભારતમાં બોલાતી આમજનની ભાષા છે જે સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધવામાં સક્ષમ છે. એટલે જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ જેની સ્થાપના ને આ વર્ષે ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેના ધ્યેય વાક્યોમાં હિંદી-હિંદુસ્તાનીનું પ્રાથમિકતાથી સમાવેશ કર્યું હતું જેની નોંધ નવી શિક્ષાનીતિ-૨૦૨૦માંપણ લેવાઈ છે.

> **ગીત જબ મર જાયેંગે, ક્યા યહાઁ રહ જાયેગા,**
> **ઇક સિસિકતા આંસુઓ કા કારવાં રહ જાયેગા ।**
> **આગ લેકર હાથ મે પગલે જલાતા હૈ કિસે,**
> **જબ ન યે બસ્તી રહેગી, તૂ કહાઁ રહ પાયેગા ॥**

માતૃભાષા અને રાષ્ટ્રભાષાના શિક્ષણ થકી વિચારોની સરસ અભિવ્યક્તિ શક્ય છે એમાં બે મત નથી. તેથી આ યુવાન વિદ્યાર્થિઓએ રાષ્ટ્રભાષાને માન આપી સામાજિક સોરકાર ધરાવતી હિંદી કવિતાઓનું પાઠ કર્યું હતુ.

વિભાગના નિયામક ડૉ.રાજીવ પટેલે વશીરભદ્રની પ્રેરણાત્મક પંક્તિ- હમ કભી મંદિર, કભી મસ્જિદ બના બેઠે. હમસે બેહતર વો પરિંદે હૈં જો મંદિર પે જા બેઠે, કભી મસ્જિદ પે જા બેઠે. થી કાર્યક્રમની શરુઆત કરી. કાર્યક્રમ સંચાલક સ્વયંસેવક કુલદીપ જોષી અને ઋત્વિક પટેલે સરસ સંયોજન કરી હિંદીભાષાની જરૂરિયાત વિષે પોતાની બાત મૂકી અને રાષ્ટ્રભાષાના સન્માનમાં કવિતાઓ પઢી હતી. આદિવાસી વિસ્તારની અંજન ભાભારે હિન્દી ભાષાના સુન્દર ભક્તિ સંગીતથી મંત્રમુગ્ધ કરી દીધા, નેહા જાનીએ સામાજિક સરોકાર ધરાવતી જગજીત સિંહની ગજલ થકી શમાં બાંધી દીધું. રિંકલ વસાવાએ હિંદી ભારત કી બિંદી રાષ્ટ્રભક્તિ સે ઓતપ્રોત કવિતાપાઠ કરી પુલ્કિત કરી દીધું. પ્રીતી અને તેજલ વસાવાએ હિંદીના સન્માનમાં ભક્તિમય પ્રસ્તુતિ કર સૌને આકર્ષિત કર્યુ. અંતમાં કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને વર્તમાન પરિસ્થિતિનો ચિત્ર ઉકેરતી દુષ્યંત કુમારની કવિતાઓ- હમ ખા હી લેતે સુબહ કો, તુમને યે બાસી રોટિયાં નાહક ઉઠાકર ફેક દી તથા મેલે મેં ખોયે હોતે તો કોઈ ઘર પહુઁચા જાતા હમ ઘર મેં ખોયે હૈં કૈસે ઠૌર ઠિકાને આયેંગેની સાથે આ ઈ- કવિ ગોષ્ઠીનું સમાપન કરી સૌ મિત્રોનું આભાર વ્યક્ત કર્યુ.




# સાદરાની ઐતિહાસિક વિકરોરિયા લાયબ્રેરી પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયું



ગાંધીનગર, તા.૧૬

સન્ ૧૮૭૪માં વિકટોરિયા મેમોરીયલ લાઈબ્રેરી સાદરા ગામના સાબર કિનારે બનાવાઈ હતી. આઝાદી પછી આ લાઈબ્રેરી ગ્રામ પંચાયત હસ્તક ચાલતી હતી. જેનું નવીનીકરણ, સમારકામ સન્ ૨૦૧૮માં કરવાનું બીડું ગૂજરાત વિદ્યાપીઠના નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ ઝડપ્યું હતું, જેમાં ડૉ. નિખિલભાઈ ભટ્ટની મદદ મળી હતી.

આજે આ લાઈબ્રેરી વિવિધ ગ્રંથો, પ્રકાશનો, સમાચારપત્રો, સૂક્ષ્મજીવાણું વિજ્ઞાનનાં હિન્દી, અંગ્રેજી, ગુજરાતીના અસંખ્ય પુસ્તકો સાથે ધમધમતી થઈ છે. જેનાં પ્રાંગણમાં વૃક્ષારોપણમાં બારમાસીના ફૂલછોડ, ખડચંપાના છોડનું રોપણ કરી સોનામાં સુગંધ ભેળવવાનું કાર્ય કરવામાં આવ્યું. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના બી.એ., એમ.એ. વિભાગ અને શારીરિક શિક્ષણ, રમતવિજ્ઞાન વિદ્યાશાખાના સેવકોમાં પ્રા. રમેશભાઈ પટેલ, ડૉ. જગદીશભાઈ સાવલીયા, જગદીશ પરીખ, વસંતી પરમાર, કનુ બારૈયા, ડી ડી ડામોર અને કંચનબેને આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા હતા.

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલૉજી, ભાટ દ્વારા ઈ-આઈડિયાથોનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલૉજી ભાટ ગાંધીનગર દ્વારા ઈ આઈડિયા થોન નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં બે દિવસ દરેક તકનીકી વિધ્યાર્થી ભાગ લઈ રહ્યા છે. કુલ ૧૩૮ થી વધુ ટીમ અને કુલ ૮૦૦થી વધુ વિધ્યાર્થી અને ૧૦૦ થી વધુ પ્રાધ્યાપક મિત્રો જોડાયા હતા.

ઈ આઈડિયા થોન માં ભાગ લઈ રહી છે. જેમાં સિવિલ ઈજનેરી, કમ્પ્યુટર ઈજનેરી,મિકેનિકલ ઈજનેરી,ઈ સી ઈજનેરી, ઈલેક્ટ્રિકલ ઈજનેરી જેવી વિવિધ ઈજનેરી શાખા અને એમ. સી. એ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

૧૪ સેપ્ટેમ્બર ૨૦૨૦




શરૂવાત ઈ આઈડિયાથોન દ્વારા શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલૉજી ભાટ ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી. તેમજ નવી એડ્યુકેશન પોલિસી ૨૦૨૦ માનનીય ડૉ નવીન શેઠ સાહેબ (કુલપતિ )ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટિ દ્વારા વિધ્યાર્થી મિત્રો ને સૂચન સાથે સુભેછા આપતા જણાવ્યુ હતું કે આવનારા સમયની આજ માંગ રહેવાની છે જેની બાબતે આશા વ્યક્ત કરી હતી કે જેના દ્વારા આવનારા સમય માં અભ્યાસ અને તકનીકી ક્ષેત્રે ખૂબ મહત્વના ફેરફાર થનાર છે. જેનાથી વિકાસની હરણફાળ ભરી રહેલા આજના તકનીકી યુવાનોને ખૂબ જ ઉજવળ ભવિષ્ય મળી રહેશે.




સંસ્થાના ડાયરેક્ટર પ્રો ધર્મેશ વંદરા દ્વારા પ્રસંગ અનુસાર ૨૧મી સદી ના ઈજનેરો માટે ખૂબ મહત્વની સૂચનાઓ આપી હતી જેમાં ટ્રેડિશનલ અભ્યાસ્ક્રમોની ઉપર વિચારી સ્કીલ ડેવેલોપમેંટ ક્ષેત્રે આગળ વધવા આહવાહન કરવામાં આવ્યું હતું. તેમજ ઈ-આઈડિયાથોન દ્વારા સમાજને નવા તકનીકી સંસાધનો મળી રહે તેવી ઠોસ ઈચ્છા વ્યક્ત કરી હતી.